રેસિડેન્ટ ફોરેન કરન્સી (ડોમેસ્ટિક ખાતું - રેસિડેન્ટ વ્યક્તિને અપાતી સુવિધા.

**રિઝર્વ બેંક ઑફ ઇંડિયા**
**એક્સચેન્જ કંટ્રોલ વિભાગ**
**સેન્ટ્રલ ઓફિસ, મુંબઈ - 400001.**

એ.પી. (ડી આઈ આર શ્રેણી) પરિપત્ર ક્રમાંક 37

તા. નવેં. 1, 2002

પ્રતિ,
ફોરેન એક્સચેન્જના તમામ અધિકારીક ડિલર્સ
સાહેબ/ બહેન
રેસિડેન્ટ ફોરેન કરન્સી (ડોમેસ્ટિક ખાતું - રેસિડેન્ટ વ્યક્તિને અપાતી સુવિધા.

આધિકારિક ડિલરોને જાણ હશે કે, તા. 3 મે, 2000નાં આર બી આઈ અધિનિયમ ક્રમાંક એફ બી એમ એ 11/2000 - આર બી આઈ નાં રેગ્યુલેશન - III મુજબ સ્થાનિક નિવાસીઓ યૂ. એસ. ડોલર્સ 2,000 અથવા તેટલી રકમનું ફોરેન એક્સચેન્જનું વિદેશી ચલણ, ચલણી નોટો/ બેંક નોટો અથવા ટ્રાવેલર્સ ચેક રૂપે રાખી શકે છે. તે માટે નીચે મુજબની શરતો જરૂરી છે.

(એ) ભારત બહાર અપાયેલ સેવાનાં (જ્યારે તે વ્યક્તિ દેશ બહાર ગઈ હોય ત્યારે) ભૂગતાન નિમિત્તે મેળવ્યા હોય.

(બી) કોઈ એન આર આઈ કે જે ભારતની મુલાકાતે આવ્યો હોય, તથા તેની પાસેથી મેળવેલ મહેનતાણું, ભેટ અથવા કાયદેસરના વ્યવહાર સામે મેળવેલ હોય.

(સી) તેનાં વિદેશ પ્રવાસ દરમિયાન આ નાણાં/ મહેનતાણાં અથવા ભેટ સ્વરૂપે મેળવેલ હોય.

(ડી) આધિકારીક વ્યક્તિ પાસેથી વિદેશ પ્રવાસ માટે મેળવેલ ફોરેન એક્સચેન્જમાંથી વધેલા નાણાં.

2. આર બી આઈ દ્વારા અપાતી છૂટછાટો અંતર્ગત હવેથી ભારતનો કોઈ પણ નાગરિક ફોરેન કરન્સી એકાઉન્ટ, ભારત ખાતે આધિકારીક ડિલર્સ સાથે ખોલી, ધરાવી, તથા તેનો ઉપયોગ કરી શકશે. ડિલર્સ એકાઉન્ટને રેસિડન્ટ ફોરેન કરંન્સી (ડોમેસ્ટિક) ખાતા તરીકે ઓળખવામાં આવશે. જેમાં ખાતેદાર ઉપરોક્ત-1નાં લક્ષણો એ થી ડી મુજબ ખાતું ખોલાવી શકશે.

આ ખાતામાંથી ઉપાડને લગતાં વ્યવહારો ચાલુ/ કેપિટલ ખાતાને લગતાં વ્યવહારો હોઈ શકે છે કે જે વ્યવહારો હાલનાં ફોરેન એક્સચેન્જનાં નીતિ-નિયમો મુજબ થયાં હોય. આ ખાતુ બેન્કમાં રોજ-બરોજનાં ચાલુ ખાતા પ્રમાણેનું રહેશે. તથા તેમાં જમા રાશિ ઉપર કોઈ વ્યાજ નહીં મળે. જોકે ચેકની સુવિધા આપવામાં આવશે. આ ખાતામાં બેલેન્સને લગતી કોઈ જ લિમિટ રહેશે નહીં.

3. આથી સૂચન કરવામાં આવે છે કે આર એફ સી (ડોમેસ્ટિક) ખાતાની સગવડ હાલની નીચે મુજબ અપાતી સુવિધાઓ સાથેની વધારાની સુવિધા છે.

(I) તા. 3 મે, 2000નાં અધિનિયમ ક્રમાંક ફેમા 10/ 2000- આર બી નાં રેગ્યુલેશન 5માં આવતી આર એફ સી સુવિધા.

(II) રેગ્યુલેશન બી ને અન્વયે રોકડ અથવા ટ્રાવેલર્સ ચેકનાં સ્વરૂપમાં યૂ. એસ. ડોલર્સ 2,000 પોતાની પાસે રાખવા.

(III) 3 મે, 2000નાં અધિનિયમ નંબર ફેમા 11/ આર બી 2000.

4. આર બી આઈ નાં તા.3.2.2000નાં નોટિફિકેશન ક્રમાંક ફેમા 10/ આર બી /2000નાં પ્રોવિઝન્સનાં સુધારા માટેનું નોટિફિકેશન અલગથી બહાર પાડવામાં આવશે.

5. જ્યાં સુધી ભારત સરકાર દ્વારા આ નોટિફિકેશન જાહેર ના થાય, ત્યાં સુધી આધિકારિક ડિલરોને આર એફ સી / ડોમેસ્ટિક ખાતું ખોલાવવા માટેની મેળવેલ અરજીઓ પોતાની ભલામણો સાથે આરબીઆઈ ની ક્ષેત્રિય ઓફિસમાં પહોંચાડવી. આવાં ખાતાં ખોલતી વખતે આધિકારીક ડિલર્સે કે વાય સી માર્ગદર્શિકા સહિત તમામ કાર્યપદ્ધતિઓ પૂર્ણ કરવી.

6. તમામ આધિકારિક ડિલર્સે આ પરિપત્રની જાણ લાગતાં-વળગતાંઓને કરવી.

7. આ પરિપત્રમાંનાં સૂચનો ફેમા -1999ની કલમ 10 (4) તથા કલમ 11 (1)નાં અન્વયે કરવામાં આવે છે.

આપનો વિશ્વાસુ,

ગ્રેસ કોશી
મુખ્ય મહાપ્રબંધક